**—:નમુનો—અ:—**

सत्यमेव जयते

## લાલપુરના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી.મેજી. સા.ની કોર્ટમાં.. મુ.લાલપુર, જી.જામનગર

**ચુકાદા ની તા.૦૭/૧૨/૨૦૨૨**

**ફોજદારી કેસ નં.૨૦૦૭/૨૦૨૨**

**આંક—૧૬**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| **ગુન્હાની કલમ** : | જુગાર ધારા કલમ—૧૨(અ) |
| **પ્રથમ માહીતી અહેવાલ નંબર** : | લાલપુર પો.સ્ટે. પાર્ટ—બી ગુ.ર.નં.૫૯૧/૨૦૨૨ |
| **પોલીસ સ્ટેશન** : | લાલપુરપોલીસ સ્ટેશન |
| **ફરીયાદ પક્ષ** : | સરકારશ્રી |
| **ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી** : | વિ.એ.પી.પી.શ્રી વી.જે.સોઢા |
| **આરોપીઓ** : | **ઓનઅલી રમજાનઅલી કાનાણી**<br>રહે.લાલપુર, હવેલી શેરી, તા.લાલપુર, જી.જામનગર |
| **આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી** : | વિ.વ.શ્રી જે.એમ.જીવરાણી |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૦/૦૭/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૭/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ |
| તહોમતનામું / પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૩/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૧/૧૦/૨૦૨૨ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૨૯/૧૧/૨૦૨૨ |
| ચુકાદાની તારીખ | ૦૭/૧૨/૨૦૨૨ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**–:આરોપીઓની વિગત–**

| ક્રમ | આરોપીઓના નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓનઅલી રમજાનઅલી કાનાણી | ૨૦/૦૭/૨૨ | ૨૧/૦૭/૨૨ | જુગારધારા ક.૧૨(અ) | નિર્દોષ | – | – |

**—:નમુનો—ક:—**

**:: ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાહેદો નું લીસ્ટ ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો :**

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૦૭ | અખ્તરભાઈ હાજીભાઈ નોયડા | ફરીયાદી |
| પી.૨ | ૦૯ | અલ્તાફ નુરમામદભાઈ શેઠા | પંચ સાહેદ |
| પી.૩ | ૧૧ | દશરથસિંહ નટુભા જાડેજા | પંચ સાહેદ |
| પી.૪ | ૧૨ | સુર્યરાજસિંહ કાળુભા જાડેજા | ત.ક.અ. |

**:: ફરીયાદી / બચાવ / ન્યાયાલયના દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૦૮ | ફરીયાદ |
| ડી.૨ | ૧૦ | પંચનામા ની નકલ |

**—::ચુકાદો::—**

૦૧. આ કામ માં ફરીયાદીની ફરીયાદ હકીકત ટૂંક માં નીચે મુજબ છે.

૦૨. આ કામે ફરીયાદી અખ્તરભાઈ હાજીભાઈ નોયડા, પો.કો., લાલપુર પો.સ્ટે. નાઓએ આ કામ ની ફરીયાદ આપી જણાવેલ છે કે, તા.૨૦/૦૭/૨૨ ના રોજ તેઓ તથા પો.કો.હરદેવસિંહ મંગળસિંહ ઝાલા નાઓ પો.હે.કો.વાય.પી.ગોહીલની સાથે લાલપુર ટાઉન

વિસ્તારમાં ક.૧૮/૦૦ વાગ્યાથી પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન ફરતા ફરતા ક.૧૯/૦૦ વાગ્યે લાલપુર બસ સ્ટેશન પાસે આવતા, તેઓને ખાનગી રાહે હકીકત મળેલ કે, ઢાંઢર નદીના પુલ પાસે ઓનઅલી રમજાનઅલી કાનાણી નામનો ઈસમ જાહેરમાં વર્લી મટકાના આંકડા લખી લખાવી પૈસાની હારજીતનો જુગાર રમી રમાડે છે. તેવી હકીકત મળતા, તુરંત જ બે રાહદારી પંચોને બોલાવી ઉપરોકત હકીકતની સમજ કરી પંચો સાથે ક.૧૯/૪૫ વાગ્યે હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા દુરથી જોતા એક ઈસમ જાહેરમાં ઢાંઢર નદીના પુલ પાસે ઉભો રહીને બોલપેનથી ચીઠીમાં કાંઈક લખતો જોવામાં આવતા, તુરંત જ તેને પકડી લઈ પંચો રૂબરૂ મજકુરનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ ઓનઅલી રમજાનઅલી કાનાણી, રહે.લાલપુર, હવેલી શેરી, તા.લાલપુર, જી.જામનગર વાળો હોવાનું જણાવેલ અને મજકુરના હાથમાં એક પેન તથા કાગળની ચીઠી મળી આવેલ, જેમાં જોતાં વર્લી મટકાના આંકડા લખેલ હતા અને મજકુર ઈસમની અંગ ઝડતી કરતા ખીસ્સામાંથી રોકડા રૂપીયા ૭૨૦/– મળી આવેલ. આ વર્લી મટકાના આંકડા લખેલ ચીઠી કિં.રૂા.૦૦/૦૦ તથા ચાલુ હાલતની બોલપેન કિં.રૂા.૦૦/૦૦ તથા રોકડા રૂા.૭૨૦/– મળી આવતા, જે એક કવરમાં રાખી તપાસ અર્થે પંચો રૂબરૂ પો.હે.કો.વાય.પી.ગોહીલે કબજે કરેલ છે. આમ, આરોપીએ જુ.ધા.ક.૧૨(અ) મુજબનો ગુનો કરેલ હોય, જેથી મજકુરને ઉપરોકત ગુના કામે પંચનામા વિગતે ધોરણસર અટક કરેલ. આ બાબતે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ, જે ગુનાની તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૦૩. આ કામે આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીની પ્લી આંકઃ૦૪ થી રેકર્ડ કરવામાં આવતા તેઓને ગુનો કબુલ છે કે કેમ તેમ પુછતાં, તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, સદર આરોપી વિરુધ્ધનો કેસ સમન્સ ટ્રાયલથી આગળ ચલાવવામાં આવેલ છે.

૦૪. આ કામે ફરીયાદ પક્ષના પુરાવા ના અંતે સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ જવાબ લેવામાં આવેલ છે.તેઓએ તેમના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેમની ઉપર ખોટી ફરીયાદ કરેલ છે. આ કામે અમોએ વિ.સરકારી વ.શ્રી ને તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળેલ છે.

૦૫. આ કામે ફરીયાદ પક્ષ ના કેસ ની હકીકત ઉપર થી આ કેસ ના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: **<u>મુદ્દા</u>** ::

૧: શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦.૦૭.૨૦૨૨ ના ક.૧૯:૧૫ વાગ્યે લાલપુર ઢાંઢર નદીના પુલ પાસે આ કામના આરોપી જાહેરમાં વર્લી મટકાના જુગારના આંકડા લખી લખાવી, પૈસાની હારજીતનો જુગાર રમતા, રેઈડ દરમ્યાન એક વર્લી મટકા લખેલ કાગળની ચીઠી તથા એક ચાલુ હાલતની બોલપેન તથા રોકડા રૂપીયા ૭૨૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨: શું હુકમ ?

૦૬. ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧: નકારમાં..

૨: આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨:–</u>**

૦૭. ફરીયાદપક્ષે ફરીયાદી પો.કો. અખ્તરભાઈ હાજીભાઈ નોયડાને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસેલ છે. ફરીયાદીએ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ

તા.૨૦/૦૭/૨૨ ના રોજ તેઓ તથા પો.કો.હરદેવસિંહ મંગળસિંહ તથા પો.હે.કો.વાય.પી.ગોહીલ નાઓ લાલપુર ટાઉન વિસ્તારમાં ક.૧૮/૦૦ વાગ્યાથી પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન ફરતા ફરતા ક.૧૯/૦૦ વાગ્યે લાલપુર બસ સ્ટેશન પાસે આવતા, તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, ઢાંઢર નદીના પુલ પાસે ઓનઅલી રમજાનઅલી કાનાણી નામનો ઈસમ જાહેરમાં વલી મટકાના આંકડા લખી લખાવી પૈસાની હારજીતનો જુગાર રમી રમાડે છે, તેવી હકીકત મળતા, તુરંત જ બે રાહદારી પંચોને બોલાવી, હકીકતની સમજ કરી, પંચો સાથે બાતમી વાળી જગ્યાએ ક.૧૯/૧૫ વાગ્યે રેઈડ કરતાં, દુરથી જોતાં એક ઈસમ ઢાંઢર નદીના પુલ પાસે ઉભો રહીને બોલપેનથી ચીઠીમાં કાંઈક લખતો હતો, જેથી તુરંત જે તેને પકડી લઈ, પંચો રૂબરૂ તેનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ ઓનઅલી રમજાનઅલી કાનાણી, રહે.લાલપુર, હવેલી શેરી, તા.લાલપુર, જી.જામનગર વાળો હોવાનું જણાવેલ.

૦૮. ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં જણાવે છે કે, મજકુર ઈસમ ના હાથમાં એક પેન તથા કાગળની ચીઠઠી મળી આવતા, તેમાં જોતાં વર્લી મટકાના આંકડા લખેલ હતા. મજકુરની અંગજડતી કરતા તેના ખીસ્સામાંથી રોકડા રૂા.૭૨૦/– મળી આવતા, સદરહું રોકડા રૂા.૭૨૦/– તેમજ વર્લી મટકાના આંકડા લખેલ ચીઠઠી કિં.રૂા.૦૦/– અને એક બોલપેન કિં.રૂા.૦૦/– ગણી તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબ્જે કરેલ. આમ, મજકુર ઈસમે જાહેર માં વર્લી મટકાના આંકડા લખી લખાવી, પૈસાની હારજીત નો જુગાર રમી રમાડી રેડ દરમ્યાન કુલ રૂા.૭૨૦/– ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા ની કલમ–૧૨(અ) મુજબ નો ગુનો કરેલ હોય, આ બાબતે પો.હે.કો. વાય.પી.ગોહીલે આરોપીને પંચનામુ પુરુ થતા, અટક કરેલ અને તેમણે આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ, જેમાં તે પોતાની સહી ઓળખી બતાવે છે, જે ફરીયાદ આંક–૦૮ થી રજુ છે. આ જ હકીકત ત.ક.અમલદાર પો.હે.કો. સુર્યરાજસિંહ કાળુભા જાડેજા તેમની આંક–૧૨ ની સોગંદ ઉપરની જુબાની માં જણાવે છે. ત.ક.અ. વધુમાં જણાવે છે કે, ફરીયાદ તથા પંચનામું પો.સ્ટે. આવતા,પી.એસ.ઓ.એ ગુનો નોંધી, આ કામ ની તપાસ તેઓને સોંપતા, તેઓએ તપાસ

સંભાળી લીધેલ અને તપાસ ના કામે લાગતા વળગતા સાહેદો ના નિવેદનો લીધેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓએ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે.

૦૯. આરોપી પક્ષ તર્ફે ફરીયાદી તથા ત.ક.અમલદાર ની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, કહેવાતી બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં માણસો અને વાહનોની અવરજવર રહે છે. તદઉપરાંત, તેઓ તેમ પણ સ્વીકારે છે કે, પંચોના નામ તથા તેઓ પેટ્રોલીંગ માં કયા નંબર ના અને કયા પ્રકાર ના વાહન માં પેટ્રોલીંગમાં નીકળેલા, તે ફરીયાદ માં જણાવેલ નથી. વધુમાં ત.ક.અ. સ્વીકારે છે કે, તપાસ ના કામે તેમણે કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદન લીધેલ નથી. આ સીવાય ની હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

૧૦. આ કામે ફરીયાદ પક્ષે પંચ સાહેદ અલ્તાફ નુરમામદભાઈ શેઠાને આંક–૦૯ થી તેમજ પંચ સાહેદ દશરથસિંહ નટુભા જાડેજાને આંક–૧૧ થી તપાસેલ છે. આ પંચ સાહેદોની રૂબરૂમાં જુગાર ની રેડ કરી, આરોપી પાસેથી જુગાર નો મુદ્દામાલ કબજે કર્યાનો ફરીયાદ પક્ષનો કેસ છે. પરંતુ આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૦ થી રજુ પંચનામાની હકીકતને લેશમાત્ર સર્મથન આપતા નથી, જેથી વિ.એ.પી.પીશ્રી એ તેમને ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ વિ.એ.પી.પીશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ સદર પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સર્મથન આપેલ નથી. જેથી ફરીયાદ પક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૧૧. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવો જોતાં, ફરીયાદી તથા ત.ક.અમલદાર કબુલ રાખે છે કે, બનાવવાળી જગ્યા વસ્તી વાળો વિસ્તાર છે અને ત્યાં માણસો અને વાહનોની અવરજવર રહે છે, તેમ છતા આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ ને તપાસવામાં આવેલ નથી. જો પોલીસ ધ્વારા આવી જાહેર જગ્યાએ રેડ કરવામાં આવે તો ત્યાં સ્વતંત્ર સાહેદો સહેલાઈ થી મળી શકે તેમ છે, તેમ છતા,

ફરીયાદપક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદનું સર્મથન મળેલ નથી. તદઉપરાંત, આરોપી પાસેથી, જે મુદ્દામાલ કબજે કર્યાનું ફરીયાદ પક્ષ જણાવે છે, તે મુદ્દામાલ જે પંચો રુબરુ કબજે કરવામાં આવેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે, તે પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી અને ઉપર કહયું તેમ ફરીયાદ પક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય, તેવું પુરવાર થતુ નથી. તદઉપરાંત, આરોપીએ પણ આજસુધી મુદ્દામાલ રોકડ રકમ કલેમ કરેલ નથી અને પોતાના વિશેષ નિવેદન માં આ રકમ તેની પાસેથી પોલીસે કબજે કરેલ હોય, તે હકીકત નો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. ઉપર કહયું તેમ, આ કામે ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર–તટસ્થ સાહેદોને તપાસેલ નથી અને પોલીસ સાહેદોની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદનું સમર્થન પ્રાપ્ત થતું નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ નો આક્ષેપીત ગુનો નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી શંકાનો લાભ આરોપી પક્ષ ને મળવા પાત્ર હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૫૫(૧) અન્વયે જુગાર ધારા ની કલમ–૧૨(અ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની મુદ્દામાલ રોકડ રકમ રૂા.૭ર૦/– (અંકે રૂપીયા સાતસો વીસ પુરા) આરોપી કલેઈમ કરતા ન હોય, અપીલ સમય વિત્યે સદરહું રકમ શ્રી સરકાર જમા કરાવવી. તદઉપરાંત, આ કામે કબજે કરેલ મુદ્દામાલ કાગળ ની ચીઠઠી કિ.રૂા.૦૦/– તથા એક બોલપેન કિ.રૂા.૦૦/– નો અપીલ સમયે વિત્યે ધોરણસર રીતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩.  ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમઃ૪૩૭(એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલ ના સમય માટે લંબાવી આપવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| Date : 07/12/2022 | (DINESH KISHANCHAND NATHANI)<br>PRINCIPAL SR. CIVIL JUDGE &<br>ADDL. C.J.M., LALPUR, |
| Place : Lalpur | DIST.JAMNAGAR. CODE NO.GJ01070 |

**Dhiren Parmar, Gujarati Stenographer.**